BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

પ્રવેશ પરિપત્રઃ-

વિષયઃ વિજ્ઞાન વિદ્યાશાખા (B.Sc.)ના સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયાની મુદ્દત બાબત.

સંદર્ભઃ- અત્રેની યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૦૬૯/૨૦૨૩, તા.૨૨/૦૫/૨૦૨૩.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ/સ્વનિર્ભર બી.એસસી. કોલેજોનાં આચાર્યશ્રીઓ/સંચાલકોને જણાવવાનું કે શૈક્ષણિક વર્ષઃ૨૦૨૩-૨૪માં પ્રથમ વર્ષ બી.એસસી. અભ્યાસક્રમમાં પ્રવેશ કાર્યવાહી અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાની સમયમર્યાદા તા.૨૪/૦૫/૨૦૨૩ થી તા.૦૮/૦૬/૨૦૨૩ સુધી નિયત કરવામાં આવેલ હતી. કોલેજો દ્વારા વિજ્ઞાન વિદ્યાશાખાના સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા તા.૧૪/૦૭/૨૦૨૩ સુધીમાં મેરીટ યાદી જાહેર કરી પૂર્ણ કરવા જણાવેલ હતુ. ત્યારબાદ વિજ્ઞાન વિદ્યાશાખામાં પ્રથમ વર્ષ બી.એસસી. અભ્યાસક્રમમાં પ્રવેશ થી વંચિત રહેલા વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરેલ હોય અથવા ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું બાકી રહી ગયેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓ માટે ખાલી રહેલ બેઠકો ઉપર રાજ્ય સરકારશ્રીનાં ધારાધોરણો મુજબ કોલેજ કક્ષાએથી ઓફલાઇન માધ્યમ દ્વારા પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓએ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરેલ નથી તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ પ્રક્રિયા માટે પ્રોસેસિંગ ફી પેટે રૂ.૧૦૦/- કોલેજમાં જમા કરાવવાના રહેશે તેમજ કોલેજ દ્વારા પ્રવેશ ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરતી વખતે રૂ.૧૦૦/- ઓનલાઇન ફી ભરવાની રહેશે. પ્રવેશ માટે પ્રત્યેક કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીને તમામ કોલેજો દ્વારા વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા તા.૨૫/૦૭/૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. ત્યારબાદ પ્રવેશ પ્રક્રિયા અંગે કોઇપણ તારીખ લંબાવવામાં આવશે નહી જેથી તમામ સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ/સ્વનિર્ભર બી.એસસી. કોલેજોનાં આચાર્યશ્રીઓ/સંચાલકોને જણાવવામાં આવે છે.

નોંધઃ સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોમાં ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયાનાં તમામ રાઉન્ડ પૂર્ણ થયે ખાલી રહેલ બેઠકો માટે સરકારશ્રી/યુનિવર્સિટીનાં નિયમાનુસાર પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૩૭૦/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૧/૦૭/૨૦૨૩

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખાની તમામ સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ/સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ/માન્ય સંસ્થાઓનાં વડાઓ તરફ...

નકલ સાદર રવાનાઃ-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) પરીક્ષા વિભાગ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ - ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ - ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503

www.bknmu.edu.in | info@bknmu.edu.in | Bhakta Kavi Narsinh Mehta University Junagadh | Bhakta Kavi Narsinh Mehta University Junagadh